## –:: આંક–૨૦ તળે હુકમ ::–

૧. સદર કામે ફરિયાદી તરફે આંક–૨૦ થી અરજી આપી જણાવેલ છે કે, સદર કામના સાહેદ કૈલાશબેન જયેશભાઇ ડાભી તથા જયેશભાઇની જુબાની નામ. કોર્ટમાં થયેલ છે જેમા આરોપીઓ તરીકે સવિતાબેનની દિકરી મંજુબેન ભુપતભાઇ તથા પંકજભાઇ ભુપતભાઇનાઓની સંડોવણી જણાવવા વતી હોય જેથી આ કામે આરોપીઓ તરીકે જોડવા અરજ કરેલ છે. સદર કામે આરોપીના વિ.વ.શ્રીનાઓનો શેરો વંચાણે લીધો.

૨. હાલના કામની અરજી વંચાણે લેતાં, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓએ સાહેદ કૈલાશબેન જયેશભાઇ ડાભી તથા જયેશભાઇ ડાભીની જુબાની વંચાણે લઇ આરોપી તરીકે સવિતાબેનની દિકરી મંજુબેન ભુપતભાઇની સંડોવણી જણાવવા વતી સી.આર.પી.સી.૧૯૭૩ ની કલમ-૩૧૯ વંચાણે લઇ સવિતાબેનની દિકરી મંજુબેન અને પંકજભાઇને હાલના કામે આરોપી તરીકે જોડવા અરજ કરેલ છે. તપાસના અંતે જે હાલના કામે સી.આર.પી.સી.૧૯૭૩ ની કલમ-૧૭૩ મુજબનું જે ચાર્જશીટ કરવામાં આવેલ છે તેમા હસ્તક્ષેપ કરવા જેવું અત્રેની અદાલતને જણાઇ આવે છે, કારણ કે સદર કામની તપાસ પૂર્ણ થયા બાદ જ આ કામના ત.ક.અમલદારશ્રીએ હાલનું ચાર્જશીટ યોગ્ય રીતે કરેલ હોવાનું જણાય છે. વધુમાં, માત્ર સાક્ષીની જુબાનીમાં નામ ખુલી જવાથી આરોપી તરીકે સીધી રીતે જોડી દેવા તે યોગ્ય અને ન્યાયોચીત જણાઇ આવતું ન હોય જેથી હાલની અરજી

મંજુર કરવા પાત્ર જણાતી ન હોઈ સદર અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::<u>હુ ક મ</u>::–**

(૧) સદર અરજી આથી "**ના–મંજુર**" કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ધોરાજી.
તા.૨૦/૦૩/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ- જીજે૦૧૨૫૮)